For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

લોકસભાની ચૂંટણીમાં જે રીતે નિલેશ કુંભાણીનો ખેલ કરાયો તેવી રીતે ભાજપ ફોસલાવે નહીં તે માટે

# કોંગ્રેસના 40 ઉમેદવાર સેફ હાઉસમાં

**હાઈકમાન્ડની** કડક તાકીદને પગલે તમામ 11 સેફ હાઉસમાં ઉમેદવારોનો સંપર્ક કાપી નખાયાની ચર્ચા

**40** મજબૂત ઉમેદવાર સિવાય અન્ય દરેક ઉમેદવાર સાથે બે 'શેડો' કાર્યકરો તૈનાત કરાયા

**ઉમેદવારોના** ઘર-ઓફિસની સાથે સાથે સોશિયલ મીડિયા પર પણ પાર્ટીની બાજ નજર

સુરતઃ ભૂતકાળમાં અનેક ચૂંટણીઓમાં એવી ઘટનાઓ બની છે કે જેમાં કોંગ્રેસના ઉમેદવારોને ભાજપ દ્વારા સમજાવી લેવામાં આવ્યા હોય કે પછી તેમની પાસે ઉમેદવારી પરત ખેંચી લેવડાવવામાં આવી હોય. તાજેતરમાં જ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીએ ઉમેદવારીપત્ર પરત ખેંચી લીધું હતું. જેને કારણે આ વખતે મહાપાલિકાની ચૂંટણીમાં ભાજપ કે આપ, ઉમેદવારોને લલચાવી-ફોસલાવીને લઈ નહીં જાય તે માટે કોંગ્રેસે અક્કલ વાપરીને પહેલેથી જ પોતાના 40 મજબૂત ઉમેદવારોને શહેરની બહાર અજ્ઞાત સ્થળોએ ખસેડી લીધા છે. ઉમેદવારોને 11 જેટલા ગુપ્ત લોકેશન પર રાખવામાં આવ્યા છે કે જેથી ફોર્મ પરત ખેંચવા સુધી ભાજપ તેમના સુધી પહોંચી શકે નહીં.

કોંગ્રેસના જ આંતિરક સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા આ વખતે શહેર

...અનુસંધાન પાના 5 પર

સુરત મનપા માટે 498 ઉમેદવારોના ફોર્મ માન્ય, 561 રદ

## ઉમેદવારીપત્રોની ચકાસણીમાં કોંગ્રેસના એક, આપના ત્રણ ઉમેદવારના ફોર્મ રદ

**કોંગ્રેસના** ઉમેદવાર પક્ષનું નામ લખવાનું ભૂલ્યા તો આપના ઉમેદવારે સમયમર્યાદામાં એફિડેવિટ ન આપી

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈને ઉમેદવારી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે. કુલ 1059 ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી, જેમાં આજે ફોર્મ ચકાસણી દરમિયાન માત્ર 498 ઉમેદવારોના ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે, જ્યારે 561 ફોર્મ વિવિધ ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવ્યા છે. ચકાસણી પ્રક્રિયામાં નાની નાની ભૂલો ઉમેદવારોને ભારે પડી હતી. દસ્તાવેજોની અપૂર્ણતા, જરૂરી વિગતોનો અભાવ તેમજ નિયમોના પાલનમાં થયેલી ખામીઓને કારણે મોટી સંખ્યામાં ફોર્મ રદ કરાયા હોવાનું સામે આવ્યું છે. પક્ષવાર જોવામાં આવે તો ભાજપના 120, કોંગ્રેસના 119, આમ આદમી પાર્ટીના 111 અને અપક્ષના 148 ઉમેદવારો હવે ચૂંટણી મેદાનમાં રહેશે. આ આંકડા પરથી સ્પષ્ટ

...અનુસંધાન પાના 5 પર

**મુખ્ય રાજકીય પાર્ટીમાં કોના ફોર્મ રદ થયા**

| પક્ષ | ઉમેદવાર | વોર્ડ |
|---|---|---|
| કોંગ્રેસ | ભૂપેન્દ્ર પટેલ | 12 |
| આપ | ગિરીશ ચૌહાણ | 20 |
| આપ | દક્ષા ભાવસાર | 21 |
| આપ | જાગૃતિ બલદાણિયા | 27 |



આઈકોનિકના નામે 'મલાઈ' ખાવા માટે 8 કરોડથી વધુનું આંધણ કરાયું પણ

# 70 હજાર રૂપિયાની સાયકલો 700 દિવસ પણ ચાલી નહીં!

**જર્મનીની** આ સાયકલના શેરિંગ પ્રોજેક્ટ માટે જે તે સમયે શહેરીજનોની તંદુરસ્તીની અનેક વાતો કરાઈ હતી

**આજે** સાયકલ સ્ટેન્ડ પર સાયકલો પડી પડીને ભંગાર થઈ ગઈ છે અને શહેરમાં કોઈ જ આ સાયકલ ચલાવતું દેખાતું નથી

સુરતઃ ખાલી વાહવાહી કરવા માટે સુરતમાં અનેક પ્રોજેક્ટો રજૂ કરાયા છે. જે તે સમયે પ્રોજેક્ટ માટે ખુબ જ પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હોય પરંતુ બાદમાં મનપાના કોર્પોરેટરોનો રસ પુરો થઈ જતાં પ્રોજેક્ટને પડતો મુકી દેવાના અનેક કિસ્સા છે. આવો જ એક પ્રોજેક્ટ સુરતમાં સાયકલ શેરિંગ અને સાયકલ ટ્રેકનો હતો. મહાપાલિકાએ બંને પ્રોજેક્ટ માટે કરોડોનો ખર્ચો કરી નાખ્યો. સાયકલ શેરિંગમાં કામગીરી અન્યને સોંપી. જે સમયે સાયકલ શેરિંગનો પ્રોજેક્ટ કરાયો ત્યારે રાતોરાત શહેરીજનોની તંદુરસ્તી સુધરી જશે તેવા વાયદાઓ કરવામાં આવ્યા હતા. 70 હજાર રૂપિયાની એક સાયકલ હતી. તે સમયે લોકોમાં ઉત્સાહ પણ ઉભો કરવામાં આવ્યો પરંતુ આજે આ પ્રોજેક્ટની એવી હાલત છે કે જ્યાં સાયકલના સ્ટેન્ડ હતાં ત્યાં ભંગારના સ્ટેન્ડ બની ગયા છે. આજે કોઈ આ સાયકલ ચલાવતું

...અનુસંધાન પાના 5 પર

**મતદારો નેતાઓને પ્રશ્નો પૂછે કે ક્યાં ગઈ સાયકલો અને ક્યાં ગયો સાયકલ ટ્રેક ?**

હિસાબ મતનો



**સાયકલ શેરિંગ પ્રોજેક્ટઃ** સુરત મનપા દ્વારા સાયકલ શેરિંગ પ્રોજેક્ટમાં આશરે રૂપિયા 8થી 10 કરોડનો ખર્ચો કરવામાં આવ્યો હતો. અલગ-અલગ સ્ટેશનો પર 1267 સાયકલો રાખવામાં આવી હતી. તેમાંથી આશરે 95 ટકા જેટલી સાયકલો ઉપયોગને લાયક રહી નથી. 70 હજાર રૂપિયાની એક એવી આ જર્મન સાયકલ માટે 10 હજાર રૂપિયાનો મેઈન્ટેનન્સનો ખર્ચ પણ આંકવામાં આવ્યો હતો પરંતુ બાદમાં તેની સ્હેજેય જાળવણી કરવામાં આવી નહીં. સ્ટેશનો પર સાયકલો ધૂળ ખાઈ રહી છે, કાટ લાગ્યો છે અને તેના ઉપર જાળા બાઝી ગયા છે.

**સાયકલ ટ્રેક પ્રોજેક્ટઃ** સુરત મહાપાલિકા દ્વારા ઉધના મગદલ્લા રોડ અને વીઆઈપી રોડ પર સાયકલ ટ્રેક બનાવવાનું ગતકડું કરવામાં આવ્યું હતું. કલર મારીને સેફ્ટીકોન મુકીને સાયકલ ટ્રેક નિયત કરાયો હતો. સાયકલ ટ્રેકને

...અનુસંધાન પાના 5 પર

દેશની સૌથી જૂની પાર્ટી ઉમેદવારી કરવામાં નિષ્ફળ પુરવાર થઇ

# ગણદેવી પાલિકાની ચૂંટણીમાં ૨૪ પૈકી ૨૧ બેઠક ઉપર ભાજપ બિનહરીફ

**કોંગ્રેસે** સમયસર મેન્ડેટ રજૂ ન કરતા તમામ ૨૦ ઉમેદવારએ ઉમેદવારી ગુમાવી

**અપક્ષની** 1 ઉમેદવારી રદ થતા ૨૧ બેઠક ઉપર ભાજપ બિનહરીફ

**આ ૨૧ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થશે**

(વોર્ડ નં ૧) ભરત લાડ, પ્રિયંકા હળપતિ, સારિકા પટેલ (વોર્ડ નંબર ૨) ભાનુબેન પટેલ, જયલક્ષ્મી ગાજુલ, પીન્કેશ હળપતિ, રવિ પટેલ (વોર્ડ નંબર ૩) રેખા હળપતિ, અલ્લારખી કુરેશી, ઉઝેર માસ્ટર, કીર્તિકુમાર ચાંપાનેરી (વોર્ડ નંબર ૪) જ્યોતિ ઢીમ્મર, નિશા સોલંકી, ધર્મેશ હળપતિ (વોર્ડ નંબર ૫) સરસ્વતી પટેલ, અનિતા ભંડારી, નીરવ સગર, પિનાકીન પંડ્યા (વોર્ડ નંબર ૬) શહેનાશબાનુ કોથાવાલા, હિરેન તલાવ્યા, રિઝીનાબાનું શેખ

બીલીમોરા : ચીખલી પ્રાંત કચેરી ખાતે સોમવારે ગણદેવી નગરપાલિકા ચૂંટણીનાં ઉમેદવારોનાં ઉમેદવારી પત્રકોની ચકાસણી હાથ ધરાઈ હતી. જેમાં કોંગ્રેસનાં તમામ ૨૦ ઉમેદવારોના ઉમેદવારી પત્રકો રદ થયા હતા. જેના કારણમા તમામમાં સમયસર મેન્ડેટ મુકાયા ન હતા. તે સાથે કેટલાક ફોર્મમાં સોગંદનામાનો પણ અભાવ હતો. આમ દેશની સૌથી જૂની પાર્ટી ઉમેદવારી કરવામાં નિષ્ફળ પુરવાર થઇ હતી.

ચીખલી પ્રાંત અને ચૂંટણી અધિકારી મિતેષ પટેલે સોમવારે ગણદેવી નગરપાલિકા ચૂંટણીનાં ઉમેદવારી પત્રકોની ચકાસણી હાથ ધરી હતી. જેમાં કોંગ્રેસનાં ઉમેદવારનાં ૧૦૦ ટકા ઉમેદવારી પત્રકોમાં સમયસર મેન્ડેટ ન મુકાતા તમામ ઉમેદવારી પત્રક રદ થયા હતા. આ ઉપરાંત કેટલાક ઉમેદવારી પત્રકમાં સોગંદ નામાનો અભાવ

...અનુસંધાન પાના 5 પર

ઇલેક્ટ્રોનિક્સના થર્ડ યરના વિદ્યાર્થી પર હુમલાની વાત

# SVNIT કેમ્પસમાં 'ડાન્સિંગ નાઈટ'માં મારામારી

**વિદ્યાર્થીઓ** વચ્ચે અથડામણ બાદ પીડિતોને બદલે ફરિયાદ કરનાર પર દબાણના આક્ષેપ

**એસવીએનઆઈટીના** પ્રોફેસરોએ સંસ્થાની ઇમેજ બચાવ માટે પોલીસને અંદર ન જવા દીધી હોવાની વાત

સુરતઃ એસવીએનઆઈટી ના કેમ્પસમાં રવિવારની મોડી રાત્રે યોજાયેલી 'ડાન્સિંગ નાઈટ'દરમિયાન બનેલી મારામારીની ઘટના ગંભીર ચર્ચાનો વિષય બની છે. મિકેનિકલ સહિત અન્ય બ્રાંચના સેકન્ડ યરના વિદ્યાર્થીઓએ ઈલેક્ટ્રોનિક્સ બ્રાંચના થર્ડ યરના એક સિનિયર વિદ્યાર્થી પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે, જેને

...અનુસંધાન પાના 5 પર

**સત્તાધીશો બનાવથી અજાણ હોવાનું કહી તપાસની વાત**

આ મામલે એસવીએનાઈટીના ડિરેક્ટર, ડીન અને જોઈન્ટ રજીસ્ટ્રારનો સંપર્ક કરવા પ્રયાસ કર્યો પરંતુ સંસ્થાના સત્તાધીશો આ મામલે અજાણ હોવાનું જણાવી રહ્યા છે અને સમગ્ર ઘટનાની તપાસ કરાવવાની વાત કરી છે. જોકે, ઘટનાના અનેક પાસાઓ સામે આવતા હવે તપાસની પારદર્શકતા અને નિષ્પક્ષતા પણ ચર્ચાનો વિષય બની છે.

RBI અને રાષ્ટ્રીયકૃત બેંકોએ સહકારી બેંકોને વધુ રોકડ આપવા ના પાડી દીધી

# બે પક્ષ દ્વારા રોકડ ભેગી કરવા સહકારી બેંકોનો ઉપયોગ

**કારીગરોના** પગાર સમયે સ્ટેટ બેંક અને ડિસ્ટ્રિક્ટ બેંકે રોકડ આપી ન હોત તો કેટલીક સહકારી બેંકો બહાર લાઇનો લાગી જતે

સુરતઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને 5 રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીને લીધે 15 માર્ચથી સુરત સહિત ગુજરાતની સહકારી બેંકોમાં રોકડ ઉપાડ વધતા બેન્કોને ગ્રાહકોને રોકડ ચૂકવવા મુશ્કેલી નડી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સહકારી બેંકોમાં રોકડની અછત દૂર કરવા ધ સાઉથ ગુજરાત કો.ઓપરેટિવ બેન્કસ એસોસિએશન (સ્કોબા) એ રિઝર્વ બેંકને અમદાવાદ લેખિત રજૂઆત કરી હતી. પણ RBI ને કેશ ફ્લો ગતિવિધિ શંકાસ્પદ લાગતા તેમણે ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરવા ગ્રાહકોને સમજાવવા વળતી સલાહ આપતા મામલો ગૂંચવાયો છે.

સહકારી બેંકોના આંતરિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બે ચોક્કસ રાજકીય પક્ષો દ્વારા રોકડ ભેગી કરવા સહકારી બેંકોના ખાતાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સુરતની સહકારી બેંકોમાં જે ખાતાઓ નિષ્ક્રિય હતાં. જેમાં 5,000થી 25,000 સુધીની બેલેન્સ હતી. જેમાં ઘણા સમયથી લેવડ દેવડ થતી ન હતી. એવા ખાતાઓમાં RTGSથી રકમ ટ્રાન્સફર કરી બીજા દિવસે એ એકાઉન્ટનો ચેક રજૂ કરી

...અનુસંધાન પાના 5 પર

**સ્ટેટબેંક 5 કરોડની સામે માત્ર 1-2 કરોડ જ ફાળવી રહી છે**

ઈરાન સામે અમેરિકા અને ઇઝરાયલના યુદ્ધને લીધે ઘરે રોકડા વધુ રાખવા માંગીએ છીએ એવું કારણ આપીને પણ રોકડ ઉપાડ કરવા લોકો આવી રહ્યાં છે. અમારી બેંકમાં એવા એકાઉન્ટ હોલ્ડરની બેલેન્સ માંડ 5/10 હજાર હોય અને RTGS 5 થી 10 લાખના આવી રહ્યાં છે. એટલે અમે આવા ગ્રાહકોને ફોન કરી જાણ કરીએ છીએ કે, તમારી મૂળ બેંકના ખાતામાંથી જ રોકડ લઈ લેજો અમારે ત્યાં તમારા અગાઉના બેલેન્સ સામે જ મળશે. કારણ કે, સ્ટેટ બેંક 500/600 કરોડની ડિપોઝિટ સામે 5 કરોડની રોકડ માંગ સામે 1/2 કરોડ જ આપી રહી છે.કારીગરોનો પગાર ચૂકવવા આ વિકટ સ્થિતિમાં જો સ્ટેટ બેંક અને ડિસ્ટ્રિક્ટ બેંકે રોકડ સપ્લાય કરી ન હોત તો કેટલીક સહકારી બેંકો બહાર લાઇનો લાગી ગઈ હોત.રિઝર્વ બેંકે રાષ્ટ્રીય કૃત અને મધ્યસ્થ બેંકોને સૂચના આપી છે કે, વેતન ચૂકવવાના ગાળામાં સહકારી બેંકોને એમની ડિમાન્ડ સામે 50% જ રોકડ આપવી. જે સહકારી બેંકોમાં રાજકારણીઓ હોદ્દેદારો છે. એવી બેંકોને શંકાની નજરે જોવામાં આવી રહી છે અને આવી બેન્કો જ રોકડની અછતની બૂમો પાડી રહી છે.

**કારીગરોના પગારના દિવસે 60ને બદલે 30 કરોડની જ ફાળવણી થઇ**

સહકારી બેંકોની સ્થિતિ એવી સર્જાઈ કે ગ્રાહકોનો વિશ્વાસ જાળવવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને સુરત ડિસ્ટ્રીકટ બેંકની મદદ માંગવામાં આવી હતી. જાણીતી સહકારી બેંકના મેનેજરે જણાવ્યું હતું કે,' નિષ્ક્રિય ખાતાઓમાં RTGS થી મોટી રકમ ટ્રાન્સફર થાય તો સ્પષ્ટ જાણ કરી દેવામાં આવે છે કે, રેગ્યુલર એકાઉન્ટ હશે તો જ 25,000 થી 50,000 રૂપિયાની રકમ મળશે નહીંતર નહીં મળે. જે ગ્રાહકના અમારી બેંકમાં ખાતા નથી તેઓને અમે રોકડ આપવાનું બિલકુલ બંધ કરી દીધું છે. જેથી રેગ્યુલર ગ્રાહકોને સાચવી શકાય.

સુરતની જાણીતી સહકારી બેંકના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે, અમારી

...અનુસંધાન પાના 5 પર


श्रद्धांजलि सभा



अत्यंत दुख के साथ सूचित करना पड़ रहा है कि हमारे पूज्यनीय

श्री जगतविजय रामचन्द्र तुलस्यान

का स्वर्गवास 12 अप्रेल 2026 को हो गया है।

श्रद्धांजली सभा

दि.14-04-2026 मंगलवार को सुबह 9.30 से 11 बजे तक

श्याम कुंज हॉल, महाराजा अग्रसेन पैलेस, सिटीलाइट

पर रखी गई है।

:: शोकाकुल ::

गायत्री जगतविजय तुलस्यान (पत्नी)

भरत रामचन्द्र तुलस्यान, कमलविजय रामचन्द्र तुलस्यान (भाई)

आनंद-एकता तुलस्यान (पुत्र-पुत्रवधू)

अमित तुलस्यान (भतीजा)

जान्हवी, आध्या (पौत्री)

एवं समस्त जे.आर. परिवार

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો

M.81539 99901

ગુજરાતમિત્ર

નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



તમોએ અમને સંસ્કાર આપ્યા, વડલાની જેમ છાયા આપી, સુખ દુઃખમાં સાચવ્યા, વિદાય એવી કે કદી ભુલાય નહીં, રડી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તમારી, તમારી કમી કાયમ અનુભવીએ છીએ. અમો સમગ્ર પરિવાર તમારી નવમી પુણ્યતિથિએ અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ.

લિ.

પુષ્પાબેન ગુલાબભાઈ પટેલ

તનસુખભાઈ નગીનભાઈ પટેલ, નયનાબેન તનસુખભાઈ પટેલ, ભારતીબેન રજનીકાંતભાઈ પટેલ, પ્રવિણાબેન ભુપેન્દ્રભાઈ પટેલ, દીપિકાબેન નિર્મલભાઈ પટેલ

પ્રીતિ મુકેશભાઈ પટેલ, મુકેશભાઈ મોહનભાઈ પટેલ, મેહુલ, ફેની, ભૂમિકા, ચૈતાલી, વિરલ, પ્રિયંકા, ધારા, મુકિત, દ્રષ્ટિ, પ્રાપ્તિ, કિયારા

સ્વ.ગુલાબભાઈ નગીનભાઈ પટેલ
સ્વ.તા.14/04/2017
(માજી આચાર્ય, બુડિયા હાઈસ્કુલ)

સંયુકત-બેસણું



આથી દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી **ચંદુભાઈ અમૃતલાલ પટેલ** તા.૧૨/૦૪/૨૦૨૬, રવિવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.પ્રભુ સદ્દગત ના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના.

સદ્દગતનું બેસણું

તા.૧૪/૦૪/૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૯:૦૦ કલાકે અમારા નિવાસસ્થાન ગામ તળાદ ખાતે રાખવામાં આવ્યું છે.

લિ.

હરિવદન ચંદુભાઈ પટેલ - દેવદત્ત ચંદુભાઈ પટેલ
સહદેવ ચંદુભાઈ પટેલ - પ્રકાશ ચંદુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર..

સ્વ. ચંદુભાઈ અમૃતલાલ પટેલ
સ્વ. તા. ૧૨/૦૪/૨૦૨૬

પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



હજી જોઈતો હતો સંગાથ તમારો, તમો અમારાથી દૂર થઈ ગયા,
જગતની દરેક સમૃધ્ધિ મળશે,
પરંતુ કલ્પવૃક્ષ જેવી આપની છાયા ક્યાંય નહીં મળે,
સારા કર્મોની સુગંધ સદા રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશે,
દેહથી ભલે અદ્રશ્ય થયા,
પરંતુ આપની યાદ હંમેશા અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

ધનસુખભાઈ ભાણાભાઈ પટેલ (પતિ)
જીગ્નેશભાઈ ધનસુખભાઈ પટેલ (પુત્ર) - પ્રિતીબેન જીગ્નેશભાઈ પટેલ (પુત્રવધુ)
મિતેશભાઈ ધનસુખભાઈ પટેલ (પુત્ર) - જેનિશાબેન મિતેશભાઈ પટેલ (પુત્રવધુ)
યોગેશભાઈ જયંતિભાઈ પટેલ (જમાઈ) - રોશનીબેન યોગેશભાઈ પટેલ (પુત્રી)
એવમકુમાર કમલેશભાઈ પટેલ (જમાઈ) - નેહલ જીગ્નેશભાઈ પટેલ (પૌત્રી)
વિશા, પંથ, ઝોયા, માહિર, શ્વેત તથા સમસ્ત પરિવાર

સ્વ. અ.સૌ. ઈન્દુબેન ધનસુખભાઈ પટેલ
સ્વ. તા. ૧૪/૦૩/૨૦૨૬

નિવાસસ્થાન : કિષ્ના સ્ટ્રીટ, બાપુનગર-૨, મગદલ્લા, સુરત.